# દેશ-વિદેશના લશ્કરમાં મહિલા અધિકારીઓ



તાજેતરમાં દેશની સુપ્રીમ કોર્ટે ભારતીય લશ્કરમાં મહિલા અધિકારીઓના પરમેનન્ટ કમિશન અને પેન્શન અંગે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે તે નિમિત્તે અહીં ભારત સહિત દુનિયાના અન્ય કેટલાક દેશોના લશ્કરમાં મહિલાઓની ભરતી અને નિમણૂક અંગે કેવી પરિસ્થિતિ છે તેની વાત કરી છે અને તે સાથે ભારતીય ન્યાયતંત્રે અત્યાર સુધી આ મુદ્દે આપેલા નોંધપાત્ર ચુકાદાઓ વિશે પણ ટૂંકમાં વાત કરી છે. લશ્કરમાં મહિલાઓની સ્થિતિ અંગે દુનિયાના દેશોની યાદી કરીએ તો લશ્કરમાં મહિલાઓને નિમણૂક અને મહત્ત્વની ભૂમિકા આપતા દેશોનો સત્તાવાર આંકડો 50 પર પહોંચે છે પણ અહીં સરળતા ખાતર માત્ર 7 દેશોની વાત કરી છે.

## ચીન...

ચાઈનીઝ આર્મી(ગ્રાઉન્ડ ફોર્સ) ચીનના કુલ લશ્કર(પીપલ્સ લિબરેશન આર્મી-PLA)ના 66.67% જેટલું છે. યુ.એસ. કોંગ્રેસનલ રીસર્ચ સર્વિસના એક સંશોધનાત્મક અહેવાલ મુજબ આ ચોક્કસ આંકડો 1.6 મિલિયન જેટલો થાય છે. એ જ રીતે 1994માં નેશનલ કાઉન્સિલ ફોર સોશ્યલ સ્ટડીઝ દ્વારા નોંધવામાં આવેલા એક અંદાજ મુજબ ચીનના લશ્કરમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 4.5% જેટલું છે. 2015માં ચીન દ્વારા આ હકીકતની ઓનલાઈન પુષ્ટિ કરવામાં આવી હતી. તે

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

સમયે ચીનના લશ્કરમાં મહિલાઓના પ્રતિનિધિત્વ અંગેની સત્તાવાર માહિતી ઓનલાઈન આપતા જણાવાયું હતું કે ચીનના લશ્કરમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 5% કે તેથી ઓછું છે. 2018ના એક અહેવાલ મુજબ સત્તાવાર રીતે ચીનના લશ્કરમાં કાર્યરત મહિલા અધિકારીઓનો આંકડો 53,000 જેટલો છે.

### ભારતીય લશ્કરનાં મહિલા અધિકારીઓ અંગે કેટલાક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ

ભારતીય લશ્કરનાં મહિલા અધિકારીઓ અંગે કેટલાક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓની વાત કરીએ તો તેમાં ખાસ કરીને બબિતા પુનિયા વિ. સંરક્ષણ મંત્રાલય(2020),પરમેનન્ટ કમિશન અને પેન્શન અંગેનો સર્વોચ્ચ અદાલતનો તાજેતરનો ચુકાદો(માર્ચ, 2026), સંરક્ષણ મંત્રાલય વિ. લેફ્ટનન્ટ કર્નલ એની નાગારાજા(નેવી, 2020), લેફ્ટનન્ટ નીતીશા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા(2021), કુશ કાલરા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા(NDAમાં પ્રવેશ બાબતે, 2021), સુપ્રિતા ચંદેલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા(2024) અને કેપ્ટન સુખજીત પાલ કૌર સાનેવાલ કેસ(2025) નો સમાવેશ થાય છે. આ બધા જ કેસોમાં મુખ્યત્વે ભારતીય બંધારણની કલમ-14 અને કલમ-16 મુજબનો સમાનતાનો અધિકાર, ભારતીય લશ્કરના પુરુષ અધિકારીઓની જેમ જ પ્રમોશન અને કોઈ લશ્કરી ટુકડી કે બટાલિયનને કમાન્ડ કરવાનો(અહીં નેતૃત્વ કરવાના સંદર્ભમાં) અધિકાર અને લશ્કરમાં મહિલાઓએ સહન કરવી પડતી વૈવિધ્યપૂર્ણ માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. આ મુદ્દે નોંધનીય ચુકાદાઓ આપવામાં સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટ મોખરે રહી છે.

## ભારત...

2018ના ઈકોનોમિક ટાઈમ્સના એક અહેવાલ મુજબ ભારતીય લશ્કરમાં 1.2 મિલિયન જવાનો કાર્યરત છે. આ જ સમયગાળાના અન્ય એક અખબારી અહેવાલ મુજબ આમાં મહિલા લશ્કરી અધિકારીઓનું પ્રમાણ 3% જેટલું એટલે કે 36,000 જેટલું છે. 2018ના આ અખબારી અહેવાલ મુજબ જો કે ભારતીય લશ્કરમાં મહિલા અધિકારીઓ માત્ર મેડિકલ અને લોજિસ્ટિક્સ વિંગમાં નોન કોમ્બેટ, સપોર્ટિવ ભૂમિકા ભજવતી રહી છે. જો કે તે પછી આ મામલે આજે 2026 સુધીનાં બીજાં 8 વર્ષમાં આખું ચિત્ર ઘણું બદલાઈ ગયું છે. હવે ભારતીય લશ્કરમાં મહિલા અધિકારીઓને કોમ્બેટ રોલ પણ આપવાની શરૂઆત થઈ ગઈ છે. જો કે આ મામલે અપવાદો તો પહેલેથી હતા જ પણ હવે સત્તાવાર રીતે આવી તક અપાતી થઈ છે. એમાંય હવે સુપ્રીમ કોર્ટના પરમેનન્ટ કમિશન અને પેન્શન અંગેના તાજેતરના ચુકાદા પછી આપણા લશ્કરમાં મહિલાઓની ભૂમિકા વધુ વિસ્તૃત બનશે એવી આશા રાખવી અસ્થાને નહીં લેખાય. ભારતીય લશ્કરમાં મહિલાઓની ભરતીનો ઈતિહાસ ટૂંકમાં જોઈએ તો બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં મિલિટરી નર્સિંગ સર્વિસમાં નર્સ તરીકે ભારતીય મહિલાઓની ભરતી 1888થી શરૂ થઈ હતી. એ પછી 1914 થી 1945 દરમ્યાન પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં નર્સ તરીકે ભારતીય મહિલાઓની ભૂમિકા નોંધપાત્ર રહી હતી. આ બાબતનો ખ્યાલ એ હકીકત પરથી આવે છે કે માત્ર બીજા વિશ્વયુદ્ધમાં જ શહીદ થયેલી, યુદ્ધકેદી તરીકે પકડાયેલી અથવા સિંગ ઈન એક્શન ભારતીય મહિલા નર્સોની કુલ સંખ્યા 350 જેટલી થાય છે. એ

**યુ.એન. તરફથી 2007માં લાઇબિરિયા મોકલવામાં આવેલા ઓલ વિમેન પીસ કીપિંગ ફોર્સમાં 105 ભારતીય મહિલા અધિકારીઓ હતાં**

પછી આઝાદ ભારતના લશ્કરમાં નોન કોમ્બેટ રોલમાં મહિલા અધિકારીઓની ભરતી 1992થી સત્તાવાર રીતે શરૂ થઈ હતી. આ મુદ્દે આ પછીનો અત્યાર સુધીનો ઈતિહાસ જાણીતો છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે યુ.એન. તરફથી 2007માં લાઈબિરિયા મોકલવામાં આવેલા ઓલ વિમેન પીસ કીપિંગ ફોર્સમાં 105 ભારતીય મહિલા અધિકારીઓ હતાં.

## ઉત્તર કોરિયા...

ઉત્તર કોરિયાના નોર્થ કોરિયન પીપલ્સ ગ્રાઉન્ડ ફોર્સ અંતર્ગત 9,50,000 જવાનો કાર્યરત છે. મહિલાઓની લશ્કરી ભૂમિકા અંગે ઉત્તર કોરિયાના લશ્કરનો અભિગમ સિલેક્ટિવ છે, જ્યારે આ મામલે પુરુષો પ્રત્યેનો અભિગમ યુનિવર્સલ છે. ઉત્તર કોરિયાના લશ્કરમાં પુરુષો વધુમાં વધુ 10 વર્ષ સેવા આપી શકે છે જ્યારે મહિલાઓ વધુમાં વધુ 6 વર્ષ સેવા આપી શકે છે. આ રીતે ઉત્તર કોરિયાના લશ્કરમાં મહિલા અધિકારીઓનું પ્રમાણ 40% એટલે કે લગભગ 3,80,000 જેટલું છે.

## પાકિસ્તાન...

એક સંશોધન મુજબ પાકિસ્તાનનું આખું લશ્કર કુલ 6,53,800 જવાનોનું સંખ્યાબળ ધરાવે છે, જેમાંથી પાકિસ્તાની આર્મીમાં 5,60,000 જવાનો છે. પાકિસ્તાની આર્મીમાં આ પૈકી સત્તાવાર રીતે 4,000 મહિલાઓ કાર્યરત છે, જે ડેસ્કજોબ કરે છે. પાકિસ્તાની લશ્કરમાં મહિલા અધિકારીઓ માટે કોમ્બેટ રોલ પર પ્રતિબંધ છે. વળી, 2013ના એક અંદાજ મુજબ પાકિસ્તાની આર્મીમાં કાર્યરત મહિલાઓનો આંકડો તો 3,400નો જ છે.

## દક્ષિણ કોરિયા...

દક્ષિણ કોરિયાના રિપબ્લિક ઓફ કોરિયા આર્મીમાં એક અંદાજ મુજબ 6,915 મહિલા અધિકારીઓ કાર્યરત છે. દક્ષિણ કોરિયાની આર્મીનું સંખ્યાબળ 5,60,000 જેટલું છે. અહીંના આર્મીમાં 2018માં 5.5% મહિલા અધિકારીઓ સીનિયર પોઝિશન પર હતાં જ્યારે 2020 પછી સીનિયર પોઝિશન પરના અધિકારીઓનું પ્રમાણ 7% પર પહોંચ્યું હોવાનો અંદાજ છે.

## અમેરિકા..



યુ.એસ. આર્મી 4,76,000નું સંખ્યાબળ ધરાવે છે, જે પૈકી 74,000 મહિલા અધિકારીઓ છે. ટકાવારીની દૃષ્ટિએ આ આંકડો 16% જેટલો થાય છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે અમેરિકન લશ્કરમાં મહિલા અધિકારીઓની ભરતી 1970થી શરૂ થઈ હતી. 1970માં પહેલી વાર અમેરિકન નેવીમાં મહિલા અધિકારીઓની ભરતી શરૂ કરવામાં આવી હતી.

## રશિયા...

એક અંદાજ મુજબ રશિયન લશ્કરમાં રશિયન આર્મીનું સંખ્યાબળ 3,50,000 કાર્યરત જવાનો જેટલું છે, જેમાં મહિલાઓનું પ્રમાણ 10% જેટલું છે. એટલે કે અત્યારે રશિયન આર્મીમાં 35,000 મહિલાઓ કાર્યરત છે.



# 'ધુરંધર 2'થી રણવીર બોલિવૂડનો બાદશાહ બની ગયો છે?

'ધુરંધરઃ ધ રિવેન્જ' તેના પહેલા ભાગ કરતાં બોક્સ ઓફિસ પર જ નહીં પણ પ્રેક્ષકોમાં પણ ક્યાંય વધુ ચડિયાતી સાબિત થઈ છે. આ ફિલ્મ અગાઉના ભાગના છેલ્લા દ્રશ્યથી જ શરૂ થાય છે. જ્યાં 'હમઝા'ના ભૂતકાળ 'જસકીરત' વિશે વાત કરવામાં આવી હતી. આ ભાગમાં તે વાર્તાને ખૂબ જ ઊંડાણપૂર્વક અને પુષ્કળ એક્શન તથા ઈમોશન્સ સાથે રજૂ કરવામાં આવી છે. આ વખતે વાર્તામાં માત્ર એક્શન નથી. મગજની રમત અને દગાખોરીના અનેક વળાંકો છે. નિર્દેશક આદિત્ય ધરે પાકિસ્તાનના ગેંગ વોરની સાથે ભારતીય સિસ્ટમને પણ વાર્તામાં વણી લીધી છે. બોલિવૂડ પાસે અત્યારે 'કિંગ'તો છે જ પણ રણવીરે આ ફિલ્મ દ્વારા સાબિત કર્યું છે કે તે હવે નવા યુગનો અસલી બાદશાહ છે. જે રીતે શાહરૂખ ખાનની ફિલ્મો એક સમયે તહેવાર જેવો માહોલ બનાવતી તેવો જ ક્રેઝ રણવીરની આ ફિલ્મ માટે જોવા મળી રહ્યો છે.

**સંજય દત્ત અને રણવીર વચ્ચેનો ફેસ-ઓફ જોરદાર છે. જેમાં સંજય દત્તનો ડર અને ડાયલોગ ડિલિવરી ફિલ્મને અલગ સ્તરે લઈ જાય છે. અર્જુન રામપાલ અને આર. માધવનની હાજરી વાર્તાને ગંભીરતા આપે છે**

રૂ.245 કરોડની ફિલ્મને 4 દિવસમાં રૂ.466 મળ્યા હતા. ફિલ્મમાં રણવીર સિંહની એન્ટ્રી કોઈ જ્વાળામુખી ફાટવા જેવી છે. તેનો લુક અને પર્ફોર્મન્સ જોઈને લાગે છે કે તે માણસ ઓછો અને શૈતાન વધુ છે. રણવીરે આ ફિલ્મમાં એક ગેંગસ્ટર, સૈનિક, પુત્ર અને પાકિસ્તાની-હિન્દુસ્તાની એમ અનેક છાયાઓ ધરાવતું પાત્ર અત્યંત કુશળતાથી ભજવ્યું છે. જે રીતે 'જસકીરત' માંથી 'હમઝા' બનવાની સફર ખેડી છે તે તેની એક્ટિંગ રેન્જ બતાવે છે. તે દરેક ફ્રેમમાં પોતાનો રંગ બદલે છે. તે કોઈ પણ પાત્રમાં આસાનીથી ભળી જાય છે. તેની આંખો દ્વારા વ્યક્ત થતાં ઈમોશન્સ પણ એક અલગ પાત્ર જેવી ભૂમિકા ભજવે છે. 'ધુરંધર 2'માં તેણે અત્યંત ગંભીર, શાંત અને ખુલ્લો અંદાજ અપનાવ્યો છે. રણવીર સ્ક્રીનની બહાર ગમે તેટલી હરકતો કરતો હોય પણ કેમેરા ચાલુ થતાં જ એટલો ગંભીર થઈ જાય છે કે દરેક ભૂમિકામાં પર્ફેક્ટ દેખાય છે. ૨૦૧૭ થી સતત ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ ૨૦૨૫-૨૬ માં રણવીર સિંહે 'ધુરંધર' દ્વારા જે કમબેક કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. પહેલા ભાગની સફળતાએ રણવીરને ગતિ આપી હતી. બીજા ભાગે તેને શિખર પર પહોંચાડી દીધો છે. ફિલ્મમાં કોઈ બિનજરૂરી મસાલા, ગીતો કે કોમેડી નથી. તેથી રણવીરને એક પરિપક્વ એક્શન સ્ટાર તરીકે સ્થાપિત કરે છે. સંજય દત્ત અને રણવીર વચ્ચેનો ફેસ-ઓફ જોરદાર છે. જેમાં સંજય દત્તનો ડર અને ડાયલોગ ડિલિવરી ફિલ્મને અલગ સ્તરે લઈ જાય છે. અર્જુન રામપાલ અને આર. માધવનની હાજરી વાર્તાને ગંભીરતા આપે છે. માધવનનો 'મર્દ'વાળો ડાયલોગ આખા પાકિસ્તાનને ધ્રુજાવી દે તેવો છે. ફિલ્મ ૪ કલાક લાંબી હોવા છતાં ગીતો અને બેકગ્રાઉન્ડ મ્યુઝિકને કારણે કંટાળાજનક લાગતી નથી. ગીતો વાર્તાને આગળ ધપાવે છે. ખાસ કરીને શરૂઆતનું કવ્વાલી ગીત સની દેઓલને ટ્રિબ્યુટ સમાન છે. ફિલ્મમાં વપરાયેલાં જૂનાં ગીતો વાર્તાના સ્વાદમાં જાણે કેસરનું કામ કરે છે. તે વાર્તાની ગતિને રોકતા નથી પણ વેગ આપે છે. હિંસાનાં દ્રશ્યો અત્યંત ગંભીર અને પરેશાન કરનારા છે. સેન્સર બોર્ડના કટ્સ છતાં પણ ફિલ્મનાં કેટલાંક દ્રશ્યો આત્મા ધ્રુજાવી દે તેવાં છે. ફિલ્મનો અંત અત્યંત ઈમોશનલ અને સંતોષકારક છે. આદિત્ય ધરે અસલ પ્રસંગોને એટલી બારીકાઈથી જોડ્યા છે કે પાકિસ્તાની પ્રેક્ષકો પણ તેને સાચું માની લેશે. ફિલ્મમાં 'મોટા સાહેબ'નું રહસ્ય પણ ખૂલે છે. જે અંડરવર્લ્ડ અને ક્રાઈમની દુનિયાનો અસલી ડર પેદા કરે છે. આ કોઈ સામાન્ય મસાલા ફિલ્મ નથી પણ એક ઈન્ટેલિજન્ટ થ્રિલર છે. જે ભારતીય સિનેમાનો ઈતિહાસ બદલવાની ક્ષમતા ધરાવે છે. આદિત્ય ધરે જે રીતે આટલી 'રો' અને હિંમતભરી વાર્તા મોટા પડદા પર ઉતારી છે તે કાબિલે તારીફ છે. આ ફિલ્મમાં કેટલાંક એવાં પાત્રો છે જે આશ્ચર્યચકિત કરી દે છે. ખાસ કરીને એક ચોક્કસ પાત્રનો ટ્વિસ્ટ જોઈને પ્રેક્ષકો ચોંકી જશે. 'ધુરંધર' (2025) પછી 'ધુરંધરઃ ધ રિવેન્જ' (2026) ને ટૂંકા ગાળામાં રજૂ કરવાના નિર્ણયથી ફિલ્મને અને રણવીર સિંહને મોટો લાભ થયો છે. પહેલો ભાગ હજુ હમણાં જ આવી ગયો હોવાથી તેનાં તમામ પાત્રો અને વાર્તા પ્રેક્ષકોના મગજમાં એકદમ તાજાં છે. આ કારણે જ્યારે બીજા ભાગમાં પાત્રો પડદા પર આવે છે ત્યારે પ્રેક્ષકોને ફરીથી સમજાવવાની જરૂર પડતી નથી અને તેની અસર બમણી થાય છે. જો સિક્વલ વચ્ચે ૪-૫ વર્ષનો ગેપ પડે તો ક્યારેક પ્રેક્ષકોનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. અહીં 'ધુરંધર 2' ને તરત લાવવાથી પહેલા ભાગે જે ક્રેઝ ઊભો કર્યો હતો તેનો સીધો ફાયદો બીજા ભાગને મળ્યો છે. ફિલ્મે રણવીર સિંહને ફરીથી 'બાદશાહ'નું સ્ટેટસ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ કારણે કેટલીક નબળાઈઓ છુપાઈ ગઈ છે. શરૂઆત અને અંત સિવાય ફક્ત થોડાં જ યાદગાર દ્રશ્યો છે. એક્શન સિક્વન્સ સારી રીતે ચલાવવામાં આવી છે પણ કેટલાકને બિનજરૂરી રીતે ખેંચવામાં આવી હોય એમ લાગે છે. જો આદિત્યે થોડાં વધુ આશ્ચર્યજનક તત્ત્વોનો સમાવેશ કર્યો હોત તો બીજો ભાગ જોવાનો અનુભવ બમણો આનંદપ્રદ બન્યો હોત. એકંદરે 'ધુરંધરઃ ધ રિવેન્જ' એક મહત્ત્વાકાંક્ષી અને વિચારપ્રેરક ફિલ્મ છે. જે દેશભક્તિ, બદલો અને બલિદાન જેવા વિષયોને અસરકારક રીતે રજૂ કરે છે.

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

### ઓટોગ્રાફ!

**થિયેટર માલિકઃ** 'ધુરંધર 2'ની ટિકિટો લેવા માટે એટલી ભીડ છે કે મારે સિક્યુરિટીમાં બાઉન્સરને બદલે મિલિટરી બોલાવવી પડશે એવું લાગે છે!

**નિર્માતાઃ** ચિંતા ના કરશો. આદિત્ય ધરની ફિલ્મ છે. પબ્લિકમાં એટલું જોશ હશે કે બાઉન્સરની જરૂર જ નહીં પડે. બધા 'હાઉ ઈઝ ધ જોશ' બોલીને લાઈનમાં ઊભા રહી જશે!

# પુસ્તકોની સફળતા શરતી હોય છે!

માનવીના ઘડતરમાં પુસ્તકો ઘણાં ઉપયોગી હોય છે. પણ એટલું સ્વીકાર્યા બાદ સિક્કાની ત્રીજી બાજુ જેવું સત્ય એ છે કે પુસ્તકોની સફળતા (શરતી) કન્ડિશનલ હોય છે. પુસ્તકો દરેક માણસનું કલ્યાણ કરી નાખે એવું નથી. કરમદાના ઝાડમાં ઉત્તમ ખાતર નાખો તોય કાજુ ઊગી શકતા નથી. જેમના મૂળમાં સારી વાતો પડેલી છે તેમને જ પુસ્તકો ફળે છે. એક પરિચિત વડીલ પુસ્તકના રસિયા છે. આજપર્યંત તેમણે હજારો પુસ્તકો વાંચી નાખ્યા છે. પરંતુ હમણાં ભાડેનું મકાન ખાલી કરતાં પહેલાં મકાનમાલિક પાસેથી પૂરા ચાર લાખ ઓકાવ્યા. બીજા એક મિત્રની વાત કરીએ તો તેઓ પુસ્તકો ખૂબ વાંચે. સાહિત્યકારોના ભાષણો તો ધંધો બંધ કરીને પણ સાંભળવા જાય, પણ એમણે એમના એક સ્વજન જોડે બહુ મોટો વિશ્વાસઘાત કર્યો. એ સ્વજન હજી એ આઘાતમાંથી બહાર આવી શક્યા નથી.

**માણસે હજારો પુસ્તકો વાંચ્યા હોય પણ તેની સ્થિતિ ઘાણીના બળદ જેવી હોય તો ફાયદો થતો નથી. પુસ્તકો વાંચીને મોતિયો આવે પણ અંતરમાં અંધારું અકબંધ રહે એવું ઘણીવાર બને છે**



દોસ્તો, ખરું સત્ય એ છે કે કોઈના બેંક એકાઉન્ટમાં હજારો એન્ટ્રીઓ હોય પણ ખાતામાં છેલ્લું બેલેન્સ હોય તેજ તેની સાચી બચત ગણાય. માણસે હજારો પુસ્તકો વાંચ્યા હોય પણ તેની સ્થિતિ ઘાણીના બળદ જેવી હોય તો ફાયદો થતો નથી. પુસ્તકો વાંચીને મોતિયો આવે પણ અંતરમાં અંધારું અકબંધ રહે એવું ઘણીવાર બને છે. પુસ્તકોથી તેનું કેવું ઘડતર થઈ શક્યું છે એ વાતમાં જ પુસ્તકોની સાચી સફળતા રહેલી છે. મૂર્તિકાર એક મૂર્તિ બનાવવામાં એક ટાકણું વાપરે કે હજાર.. તેનું મહત્વ નથી, એ કેવી મૂર્તિ બનાવી શકે છે તેનું મહત્વ છે. પુસ્તક વાંચન એ માણસનો અંગત રસનો વિષય છે. ઘરમાં સારા પુસ્તકો હોવા એ વ્યક્તિના સારા હોવાની આપોઆપ સાબિતી નથી બની જતી. ભૂપત બહારવટિયો પણ પુસ્તકોનો શોખીન હતો પણ પુસ્તકોના સંપર્કથી તે ઈજ્જતદાર માણસ બની શક્યો ન હતો.

દોસ્તો, મૂળ વાત પર આવીએ. એક સુંદર વિચાર માણસની જિંદગી બદલી શકે છે. ઈતિહાસમાં એનાં અનેક ઉદાહરણો પડ્યાં છે. સંત સૂરદાસજી એક વેશ્યાના પ્રેમમાં ગળાડૂબ હતાં. રૂપજીવિનીના એક વાક્યથી તેઓ સંત બની શક્યા. વાલ્મિકી ઋષિ બન્યા તે પૂર્વે તેઓ વાલિયો લૂંટારો હતાં. એક દિવસ એમની પત્નીએ કહ્યુંઃ 'તમે રોજે રોજ જે લૂંટ ચલાવો છો તે પાપમાં અમે ભાગીદાર નથી. દોસ્તો, જોવા જઈએ તો આ વાક્યમાં એવો જોરદાર કરન્ટ નથી. પણ વાત એમના દિલમાં અસર કરી ગઈ અને એ વાલિયામાંથી વાલ્મિકી બની શક્યા. પ્રશ્ન એ ઉદ્ભવે છે કે એ રીતે બધાં લૂંટારાઓ વાલ્મિકી બની શકે ખરા? એમ હોત તો આજે પ્રત્યેક ઝૂંપડપટ્ટીમાંથી જથાબંધ વાલ્મિકીઓ થઈ શક્યા હોત. ચંદનચોર વિરપ્પનને પણ એની પત્નીએ એટલું સમજાવ્યો હતો જેટલું રાવણને મંદોદરીએ સમજાવ્યો હતો. વેશ્યાઓના બે વાક્યોથી માણસ ઋષિ બની શકતો હોત તો સુરત નગરી આજે સંતોની ખાણ બની ગઈ હોત.

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

સત્ય ભીતરનું સત્ય એ છે કે બધાં ગૃહત્યાગ કરનારા બુદ્ધ ભગવાન બની શકતાં નથી. ગોડસે ગીતા વાંચ્યા પછી પણ ખૂન કરી શકે. દાઉદ ઈબ્રાહિમ કુરાન વાંચ્યા પછી પણ બોમ્બ બ્લાસ્ટ કરી શકે. વૃક્ષની ભીતરમાં કાંટાની શક્યતા પડેલી હશે તો તેમાં મોગરાનું ખાતર નાખશો તોય બાવળ જ ઊગશે. મદારી સાપના બચ્ચાંને અમૃત પાઈને ઉછેરશે તોય તેના દાંતમાં ઝેર જ પેદા થશે. મારા અભ્યાસકાળ દરમિયાન મને વાંચનનો ઘણો શોખ હતો. અમારા તે સમયના વર્ગ શિક્ષક અમને બધાંને પુસ્તકો વાંચવા આપતાં. એકવાર એવું થયું કે તેમણે મને આપેલું એક પુસ્તક મેં વાંચ્યા વિના જ તેમને પરત કરી દીધું.

પુસ્તક ન વાંચવા બદલ તેમણે મને એક તમાચો માર્યો હતો. અને ત્યારબાદ હું પુસ્તકો તરફ વળ્યો અને લેખક થઈ શક્યો. આ વાત અમે અમારા મિત્રમંડળમાં કરી ત્યારે બચુભાઈએ કહ્યુંઃ 'લેખક બનવાની થોડી ઘણી શક્યતા ભીતરમાં પડેલી હોય તો જ તમાચો કામ કરી જાય છે. આજે શાળાઓમાં શિક્ષકો રોજ વિદ્યાર્થીઓને તમાચા મારે છે. તે બધાં લેખક બની શકતાં નથી.

માણસની ભીતરમાં લેખક, કવિ કે કલાકાર બનવાની શક્યતા પડેલી હોય તે વાતને અમે ગેસના બર્નરમાં નરી આંખે ન દેખાતાં ગેસ જેવી ગણીએ છીએ. એને લઈટરનો તણખો લાગે ત્યારે તે જ્વાળા બની પ્રગટી ઊઠે છે. માણસના દિમાગમાં એવી શક્યતા ના પડેલી હોય તો લાઈટરના સ્ટ્રોક પર સ્ટ્રોક પાડ્યે રાખવાથી અગ્નિ પ્રગટતો નથી. સેંકડો માણસે ઝાડ પરથી સફરજનને નીચે પડતાં જોયું હશે. પણ એ બધાંમાંથી એક જ માણસ ન્યૂટન બની શક્યો. ગાંધીજીએ નાનપણમાં બીડી પીધી હતી. ચોરી પણ કરી હતી. છતાં એ મહાન બની શક્યા. કેમકે તે માટેના સદ્ગુણોનું પૂરતું રો-મટિરીયલ એમનામાં પડ્યું હતું. ચોરી અને બીડી માણસને મહાન બનાવી શકતી હોત તો આ દેશના ૧૪૦ માંથી વીશ પચ્ચીશ કરોડ માણસો જરૂર મહાન બની શક્યા હોત.

લોકોની વાંચનભૂખ ઊઘડી છે તે સારી બાબત છે. લાખો માણસો રોજ ઘણું ઘણું વાંચે છે. પણ તે સર્વે માનવસહજ કમજોરીથી મૂક્ત થઈ શકતાં નથી. વખત પડ્યે તેઓ પુસ્તકો ન વાંચતા માણસો જેવું જ પરંપરાગત વર્તન કરે છે. ક્યારેક તો પુસ્તકો ન વાંચતા શહેરીઓ કરતાં અભણ ગામડિયાઓ વધુ પ્રમાણિક સાબિત થાય છે. એક વડીલ હમણાં એકવીશમી વાર ગીતા વાંચી રહ્યા છે. પણ એમનામાં રહેલા મૂળભૂત દુર્યોધનત્વનો વાળ વાંકો થતો નથી. બધાં પ્રતિક્ષા કરે છે કે ગીતા વાંચીને ભલે એ કૃષ્ણ ન બની શકે પણ અર્જુન બની શકે તોય ભયોભયો..!

### ધૂપછાંવ

પુસ્તકોના વાંચન કરતાં માણસની જન્મજાત પ્રકૃતિની અસર વધુ પ્રબળ હોય છે.